



મહેસાણામાં વિકાસ રેલી : ચૂંટણી પ્રચારના અંતિમ તબક્કામાં પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીએ શનિવારે સાંજે મહેસાણા ખાતે જંગી જાહેર સભાને સંબોધી હતી. શ્રી મોદી પોતાની લાક્ષણિક શૈલીમાં કોંગ્રેસના નેતાઓની આકરી ટીકાઓ કરી હતી અને કોંગ્રેસના ખોખલા અને ગેરમાર્ગે દોરનારા વચનોમાં નહીં ભરમાવા અનુરોધ કર્યો હતો. ભાજપની સરકાર રાજ્યમાં અને કેન્દ્રમાં હશે તો વિકાસની ગતિ વધુ તીવ્ર બનશે, એવી વાત કરતા મહેસાણા જિલ્લાના હોવાનું ગૌરવ પણ વ્યક્ત કર્યુ હતું. ગુજરાતનો દીકરો છું, મહેસાણા જિલ્લાનો દીકરો છું તેવી લાગણીશીલ વાત કરી ભાજપને સમર્થન આપવા અપીલ કરી હતી.

## મોડાસાની મધુવન રેસિડેન્સીમાં ખુલ્લી ગટરે માસુમ બાળકનો ભોગ લીધો

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના માલપુર રોડ પર સહયોગ બાયપાસ ચોકડી નજીક આવેલી મધુવન રેસીડેન્સી નજીક રહેલી ખુલ્લી ગટરમાં રેસોડેન્સીમાં રહેતા અને લેહ-લદાખમાં લશ્કરમાં ફરજ બજાવતા જવાનના એકના એક ૭ વર્ષીય પુત્રનું તેની બહેન સાથે મેદાનમાં રમતા રમતા ખુલ્લી ગટરમાં પડી જતા શ્વાસ રૂંધવાથી મોત નિપજતા અરેરાટી ફેલાઈ હતી. મૃતક બાળકને ગટરમાંથી તેના મામાએ બહાર કાઢી સારવાર અર્થે ખસેડાતા પહેલા પ્રાણપંખેરું ઉડી ગયું હતું.




મોડાસા શહેરમાં કેટલાક વિસ્તારો અને રહેણાંક સોસાયટીમાં રહેલી ખુલ્લી ગટરો અન્ય નિર્દોષનો ભોગ લે તે પહેલા જવાબદાર તંત્ર અને કોન્ટ્રાક્ટરો દ્વારા યુદ્ધના ધોરણે ઢાંકી દેવા માટે પ્રજાજનોએ ઉગ્ર માંગ કરી હતી. મધુવન રેસિડેન્સીમાં ખુલ્લી ગટરને તાબડતોડ ઢાંકી દેવામાં આવી હતી.

ધનસુરા બીલવાણીયા ગામના વતની અને હાલ લેહ-લદાખમાં દેશની રક્ષા કરતા રમેશચંદ્ર રાઠોડ તેમના બાળકોના ઉચ્ચ શિક્ષણ માટે મોડાસા ખાતે મધુવન રેસીડેન્સીમાં પરિવાર સાથે સ્થાયી થયા છે. તેમનો પુત્ર શેમીલ(ઉં.વર્ષ-૭) ઉર્ફે ચિન્ટુ તેની બહેન સાથે ગુરુવારે સાંજના સુમારે ઘર નજીક રમતા હતા ત્યારે રમતા રમતા નજીક ખુલ્લી ગટરમાં ગરકાવ થઈ જતા તેની બહેને બુમાબુમ કરતા આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા અને આ અંગે તેના મામાને જાણ થતા તે પણ ઘટનાસ્થળે તાબડતોડ પહોંચી શરીરે રસ્સી બાંધી તેમના ભાણાને બચાવવા ગટરમાં ઉતરી બાળકને બહાર કાઢ્યો હતો અને સારવાર અર્થે તબીબ પાસે લઈ જતા તબીબે બાળકને મૃત જાહેર કરતા પરિવારજનો અને સગા-સંબંધીઓએ ભારે આંક્રન્દ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાયી હતી.

### કાણોદર ખાતે રાહુલ ગાંધીની જંગી જાહેર સભા યોજાઈ

# કૉંગ્રેસ કી આંધી આનેવાલી હે ઓર ઉદ્યોગપતિ કી સરકાર જાને વાલી હે : રાહુલ ગાંધી

### ૨૨ સાલ તક મોદીજી કી મન કી બાત સુનતે રહે અબ આપકી સુનનેવાલી સરકાર આયેગી : રાહુલનો બાળપ્રેમઃ બાળકને તેડી ચોકલેટ આપતા રાહુલબાબા

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પ્રથમ તબક્કાનો ચૂંટણી પ્રચાર શાંત થતા હવે રાજકીય પક્ષોએ બીજા તબક્કામાં ઝંઝાવતી ચૂંટણી પ્રચાર આરંભી દીધો છે. જેના ભાગરૂપે આજે પાલનપુર તાલુકાના કાણોદર ગામ ખાતે રાહુલ ગાંધીની ચૂંટણી સભા યોજાઈ હતી. જે જંગી ચૂંટણી સભાને સંબોધતા રાહુલ ગાંધીએ આક્રમક તેવર દાખવતા દાવો કર્યો હતો કે, કૉંગ્રેસકી આંધી આયેગી ઓર ઉદ્યોગપતિઓકી સરકાર જાયેગી.




પાલનપુરના કાણોદર ખાતે કૉંગ્રેસ ના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની ચૂંટણી સભા યોજાઈ હતી. જે સ્ટેજ પર અપક્ષ ઉમેદવાર જિગ્નેશ મેવાણીએ હાજર રહી પોતાના સમર્થનમાં ઉમેદવાર ન ઉભો રાખવા બદલ કૉંગ્રેસનો આભાર વ્યક્ત કર્યો હતો. જિગ્નેશ મેવાણીએ પોતે અને અલ્પેશ ઠાકોર જીતીને વિધાનસભામાં જશે તો ત્યાં જઈ સચિન-સહેવાગ જેવી બેટિંગ કરશે. તેઓએ પોતે જીતશે તો તેમનું વિજય સરઘસ ગાંધીનગરને બદલે વડનગર જશે તેવી માર્મિક ટકોર કરી હતી. જયારે રાહુલ ગાંધીએ પણ વિશાળ સભાને સંબોધતા જણાવ્યુંહતું કે, તમે લોકોએ ૨ ૨ વર્ષ મોદીજી ના મનની વાત સાંભળી છે. પણ હવે તમારા મન ની વાત સાંભળનારી સરકાર આવશે. તેઓએ રાજ્યની ભાજપ સરકાર શિક્ષણ, આરોગ્ય સહિતના તમામ મોરચે નિસ્ફળ ગઈ હોવાનું જણાવી આકરા પ્રહારો કર્યા હતા. તેઓએ કૉંગ્રેસની સરકાર આવશે તો ૧૦ દિવસમાં જ ખેડૂતોના દેવા માફ કરવાની જાહેરાત સાથે કિસાનોની ફસલનો પૂરતા દામ આપવાની વાત કરી હતી. તેઓએ આ વખતે પરિવર્તનનો શંખનાદ ફૂંકવા અનુરોધ કર્યો હતો.

## મોડાસામાં અરવલ્લી જિલ્લા સેવાસદન નજીક ટ્રક નીચે બે બાઈક ઘૂસી

મોડાસા, તા.૯

અરવલ્લી જિલ્લાના માર્ગો પરથી બેફામ રીતે ભાર વાહક વાહનચાલકો પસાર થતા અકસ્માત ની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થતા નાના વાહનચાલકો રોડ પર થી પસાર થતા ફફડાટ અનુભવી રહ્યા છે.શુક્રવારે રાત્રે મોડાસા બાયપાસ રોડ પર આવેલા જિલ્લા સેવા સદન નજીક વિચિત્ર અકસ્માત થયો હતો જેમાં બે બાઈક સવાર ચાલકો પર ટ્રક ધસી આવતા બંને બાઈક ચાલકો કુદી પડતા આબાદ બચાવ થયો



હતો જયારે બાઈકોનો કડૂચાલો વળી ગયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ મોડાસા શામળાજી રોડ પર આવેલા અરવલ્લી જિલ્લા સેવાસદન નજીક ચોકડી પાસે પોલીસ તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થાની સ્થતિ જળવાઈ રહે તે માટે વાહનોનું સઘન ચેકીંગ હાથધર્યું હતું શામળાજી તરફ થી આવતા પર પ્રાંતીય ટ્રક ને હાથ બતાવી ટ્રકને અટકવાવાનો પ્રયત્ન કરતા ટ્રક ચાલક અગમ્ય કારણોસર ગભરાઈ ઉઠતા સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવતા તેની નજીક થી પસારથતી બે બાઈકો ને અડફેટે લેતા બંને બાઈક સવારો કુદી પડતા આબાદ બચાવ થયો થયો હતો બંને બાઈકો ટ્રક નીચે ઘુસી જતા બાઈકો નો કડૂચાલો નીકળી ગયો હતો અકસ્માત થતા અહીંથી પસારથતા વાહનચાલકો અને લોકો ના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા.





## મોડાસા જે.બી.શાહ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં વિજ્ઞાન મેળાનું આયોજન

મોડાસામાં મ.લા.ગાંધી કોલેજ મંડળ સંચાલિત જે.બી.શાહ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં શનિવારે વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત અવસ્થામાં રહેલી શક્તિઓ બહાર લાવવા અને વિજ્ઞાન ક્ષેત્રે રસ કેળવવા વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૬૦ જેટલા વીજળી બચાવો,પાણી બચાવો,સોલાર ઉર્જા, પ્રદુષણ નિયંત્રણ સહીતની કૃતિઓ રજુ કરી હતી બાળકો દ્વારા પ્રોજેક્ટ કરાયેલ અદભુત કૃતિઓ નિહાળી શિક્ષકગણ અને મંડળના ટ્રસ્ટીઓ એ સરાહના કરી હતી.

# સાબરકાંઠાની ચાર બેઠકો પર ઉમેદવારોનો પ્રચાર પરાકાષ્ઠાએ

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠાની હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા અને પ્રાંતિજ વિધાનસભા બેઠકની ચૂંટણીને આડે હવે ચાર દિવસ બાકી છે ત્યારે ચાર બેઠક પર ચૂંટણી લડતા ૪૯ ઉમેદવારોએ કાર્યકરો અને ટેકેદારો સાથે પ્રવાસ કરીને મતદારોનો સંપર્ક કરવાનું શરૂ કરી દીધુ હોવાને કારણે ઠંડીના માહોલમાં પણ રાજકીય ગરમાવો આવી ગયો છે. તો બીજી તરફ આ ચારેય બેઠક પર હારજીતના સમીકરણોમાં રાચતા રાજકીય પંડીતો આ વખતે ખોટા પડે તેવી શક્યતા દેખાઈ રહી છે.

સાબરકાંઠાની ચાર બેઠકો અંગે ભૂતકાળ પર ડોકીયુ કરીએ તો હિંમતનગર અને ઈડર બેઠક ભાજપ પાસે જ્યારે ખેડબ્રહ્મા અને પ્રાંતિજ બેઠક કોંગ્રેસ પાસે હતી. આ વખતે પાટીદાર અનામત આંદોલન, આયાતી ઉમેદવારો અને ખાસ કરીને યુવા મતદારોના બદલાયેલા માનસને જોઈ પરિણામ પર તેની આશ્ચર્યજનક અસરો વર્તાય તેવો અણસાર દેખાઈ રહ્યો છે. તેની પાછળના કારણોમાં ન પડીએ તો પણ એટલુ ચોક્કસ કહી શકાય કે હવેના મતદારો પર કોઈ લોભ લાલચ કે પ્રલોભનથી તેઓ વિચલીત થઈ શકે તેવી શક્યતાઓ ખુબજ ઓછી છે. ચારેય બેઠકના યુવા મતદારોને લાગે વળગે છે ત્યાં સુધી આ યુવાનો ટર્નિંગ પોઈન્ટ પર આવીને અનુભવોને આધારે જે મુલ્યાંકન કરી રહ્યા છે તેનો રાજકીય પંડીતો પણ તાળો મેળવવામાં થાપ ખાઈ જાય તેવુ લાગી રહ્યું છે. વિધાનસભાની ચૂંટણીમાં મતદારો હવે તો સ્થાનિક પ્રશ્નોના નિરાકરણ માટે ખુબજ જાગૃત બની ગયા છે ત્યારે તેમની સોચ ખુબ જ ઉંચી હોય શકે તેમાં બેમત નથી. સાબરકાંઠાની ચારેય બેઠક પર ચૂંટણી લડતા ૪૯ ઉમેદવારો માટે આજે અંદાજે ૧૦ લાખથી વધુ મતદારો ઈષ્ટદેવની જેમ કોની પર કૃપા વરસાવશે તે નક્કી કરવુ ખુબજ અઘરૂ છે.

ભુતકાળની જેમ આ વખતે પણ સગાવાદ, જ્ઞાતિવાદ અને સંપ-કુસંપના મુદ્દાઓને આગળ ધરી હારજીતના સમીકરણોમાં આવતા રોજબરોજના બદલાવને કારણે રાજકીય પંડીતો પણ દ્વિધામાં પડી ગયા છે. તો બીજી તરફ ભાજપ અને કોંગ્રેસ સાબરકાંઠાની ચારેય બેઠક જીતી જવાના દાવા કરી રહ્યા છે. ત્યારે સમજુ મતદારો મનમાં મલકાઈને મનોમન એવુ કહે છે કે અમે ગીગા કે કીકા નથી છતાં સમય પારખીને આડકતરો ઈશારો કરી સાનમાં સમજી જવાનુ કહી દે છે.



અરવલ્લી જિલ્લામાં મોડાસા વિધાનસભાના અપક્ષ ઉમેદવાર પટેલ સુરેશભાઈ જયંતિભાઈ (રહે.કેશરપુરા કંપા, તા.મોડાસા) આજરોજ મોડાસા ખાતે ભાજપનાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ઓમ પ્રકાશ માથુર અને ઉત્તર પ્રદેશના મંત્રી ડૉ. મહેન્દ્રસિંહની ઉપસ્થિતિમાં ભાજપના ઉમેદવાર ભીખુસિંહ પરમારને પોતાનો ટેકો જાહેર કરી ભાજપમાં જોડાઈ જતા ખેસ પહેરાવી સુરેશભાઈને આવકારવામાં આવ્યા હતા.આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, મહામંત્રી શામળભાઈ પટેલ,પ્રદેશ કા. સભ્ય કનુભાઈ,પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## ૬૮ ટકા મતદાન...

● પહેલા પાનાનું ચાલુ

ઉલ્લેખનીય મતદાન થયું હતું. વર્ષ ૨૦૧૨માં પ્રથમ તબક્કામાં ૭૦.૭૫ ટકા મતદાન થયું હતું. ગઈ ચૂંટણી કરતા આંશિક ઓછુ મતદાન થયું છે. છેલ્લી ચુટણી કરતા આશરે ત્રણ ટકા ઓછું મતદાન થયું હતું. અગાઉ આજે સવારે સઘન સુરક્ષા વચ્ચે મતદાનની શરૂઆત થઈ હતી. મતદાન સવારે આઠ વાગે શરૂ થયા બાદ હવે સાંજે પાંચ વાગે સુધી ચાલ્યું હતું. મતદાન શરૂ થયા બાદ તમામ જગ્યાએ ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો હતો. કેટલીક બેઠકો પર તો શરૂઆતમાં જ મતદારોની લાંબી લાઈનો જોવા મળી હતી. મતદાન શરૂ થતાની સાથે જ મુખ્યપ્રધાન વિજય રૂપાણી, ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુબાઈ વાઘાણી, કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલ અને મોઢવાડિયા સહિત ૯૭૭ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. પ્રથમ તબક્કામાં સૌરાષ્ટ્ર અને કચ્છ તેમજ દક્ષિણ ગુજરાતમાં મતદાન થયું હતું. પ્રથમ તબક્કામાં આ બે વિસ્તારોમાં ૮૯ સીટ પર સવારે મતદાન થયું હતુ અને સાંજે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું હતું. પ્રથમ ચરણમાં ૨.૧૨ કરોડ મતદારો પૈકી ૬૮ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ચૂંટણી પંચ દ્વારા ૯૩ લાખ એસએમએસ ચૂંટણી પહેલા કરવામાં આવ્યા હતા. ચૂંટણીને સાનુકુળ રીતે પાર પાડવા માટે ૨.૪૧ લાખ કર્મચારીઓ ચૂંટણી ફરજ પર તૈનાત કરવામાં આવ્યા હતા. પ્રથમ તબક્કામાં કચ્છ-સૌરાષ્ટ્રના ૧૨ જિલ્લામાં ચૂંટણી થઈહતી. આજે જે જિલ્લામાં મતદાન થયું હતું તેમાં કચ્છ, સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, અને બોટાદનો સમાવેશ થાય છે. આ વિસ્તારોમાં ૫૪ સીટો હતી. બીજી બાજુ દક્ષિણ ગુજરાતના સાત જિલ્લામાં મતદાન થયુંહતું. જેમાં નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, અને વલસાડનો સમાવેશ થાય છે. આ વિસ્તારમાં કુલ ૩૫ સીટો હતી. સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતની ૧૯ જિલ્લાને આવરી લેતી ૮૯ સીટ પર પ્રથમ તબક્કામાં મતદાન શરૂ થયા બાદ તમામ જગ્યાએ મતદારોની લાંબી લાઈન જોવા મળી હતી. પ્રથમ તબક્કાની ચૂટણી માટે ૧૪૧૫૫ સ્થળો પર ૨૪૬૮૯ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા હતા. જેમા સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કુલ ૨૧૨૫૩૧૬૫૨ મતદારો પૈકીના મોટાભાગના મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. કુલ મતદારો પૈકી ૧૧૦૦૫૯૩૩ પુરૂષ મતદારો છે. જયારે ૧૦૧૨૫૪૭૨ મહિલા મતદારો હતા. આવી જ રીતે ૨૪૭ થર્ડ જેન્ડર મતદારો હતા. પ્રથમ ચરણમાં કેટલીક બેઠકો પર ૧૬થી વધુ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. પ્રથમ તબક્કાના મતદાનને લઈને ચૂંટણી પંચ દ્વારા તમામ તૈયારી કરી લેવામાં આવી હતી. પ્રથમ તબક્કાના મતદાન પહેલા ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત તમામ ભાજપ-કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. અને છેલ્લી ઘડી સુધી મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસ કર્યા હતા. ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ પણ પ્રચારમાં રહ્યા હતા. કોંગ્રેસના તમામ વરિષ્ઠ નેતાઓએ પણ તમામ તાકાત લગાવી દીધી હતી.રાજય વિધાનસભાની આ પહેલી ચૂંટણી છે કે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સીધી હાજરી વગર આ ચૂંટણી યોજાઈ રહી છે . આ પરિસ્થિતિમાં જ્યાં એક તરફ વડાપ્રધાને પોતે તેમના પક્ષ ભાજપને ૧૫૦ થી વધુ બેઠકો પર વિજયી બનાવવાના ઉદ્દેશ્ય સાથે પ્રચારકાર્ય માટે ગુજરાતની વિવિધ સ્થળોએ જાહેરસભાઓ કરી હતી. ત્યાં બીજી તરફ કોંગ્રેસ તરફથી ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સહિતના નેતાઓ ઉમટી પડયા હતા. રાજયમાં પ્રથમ તબકકાની ૮૯ બેઠકો માટે છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા પ્રચાર કાર્યમાં ઓખી વાવાઝોડાની સંભાવનાને લઈને એક દિવસ ખરાબ હવામાનને કારણે બંને રાજકીય પક્ષોનો ખરાબ થવા પામ્યો હતો. ગુરુવાર સાંજથી પ્રચારનો અંત આવ્યો હતો. ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી,ભાજપ અધ્યક્ષ અમિત શાહ, કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સહિત કેન્દ્રીય પ્રધાનો, નેતાઓની સભાઓ, રેલીઓ અને રોડ શો યોજવામાં આવ્યા હતા. ભાજપ તરફથી આ અગાઉ નાણાંમંત્રી અરૂણ જેટલી, સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામન, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદીત્યનાથ, રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે સહિતના નેતાઓ પ્રચારમાં ઉતર્યા હતા.તો કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધી ઉપરાંત જયોતિરાદિત્ય સિંધીયા, પી.ચિદમ્બરમ, ગુલામનબી આઝાદની સાથે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે પણ વિવિધ બેઠકો માટે પોતાના પક્ષ તરફથી પ્રચાર કર્યો હતો.